તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૧ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ભલાઈના કામમાં હવાલાબાજો વિઘ્નો ઉભા કરી રહ્યા છે : મોદી
- કુખ્યાત બળવાખોરોને પકડી લેવા રોકડ ઈનામ જાહેર થયું
- અમિત શાહ સાથે બે ડઝન મંત્રી ચૂંટણી પ્રચારમાં હશે
- નિતીશ ફરી મુખ્યપ્રધાન બની શકે : પોલનુ તારણ
- ચૌહાણને દૂર કરવા માટે વિદ્યાર્થીઓ હડતાલ પર
- બિહાર માટે ૧૦.૭૯ કરોડ રૂપિયાના સાધનો ખરીદાશે
- દરેક તબક્કામાં ૫૦ હજાર સુરક્ષા જવાનો
- મુંબઈમાં માંસ પર પ્રતિબંધ સામે જોરદાર વિરોધ વંટોળ
- આઇફોન ૬ એસ,૬ એસ પ્લસ લોંચ
- સેન્સેક્સમાં ૯૭ પોઈન્ટનો ઘટાડો નોંધાયો
- યુએસ ઓપન : ફેડરર ફરી ઈતિહાસ રચવા માટે તૈયાર

# ભાજપ-સાથી પક્ષો વચ્ચે બેઠકોની સમજુતી

### સત્તાવાર જાહેરાત આગામી સપ્તાહમાં કરાય તેવી શક્યતા : સમજુતી મુજબ બિહાર વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો પૈકી ભાજપ ૧૬૫ અને રામવિલાસ પાસવાનની પાર્ટી ૪૦-૪૨ બેઠકો પર ચુંટણી લડશે



બિહારમાં વિધાનસભાની ચુંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભાજપ અને તેના સાથીપક્ષોની અંદર બેઠકોની વહેંચણીને લઈને સમજુતી થઈ ચુકી છે. ઘટકપક્ષોની અંદર કોણ કેટલી બેઠક ઉપર ચુંટણી લડશે તેને લઈને કોઈપણ ખેંચતાણ નથી. સુત્રોએ કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષ પ્રમુખ અમિત શાહ સ્પષ્ટતા કરી ચુક્યા છે કે, આરજેડી, જેડીયુ અને કોંગ્રેસ જેવા ખૂબ જ મજબુત વિપક્ષી ગઠબંધન સામે લડવા સાથે મળીને આગળ વધવાની જરૂર છે. ખેંચતાણ માટે કોઈ જગ્યા નથી. બન્ને નેતાઓ દ્વારા જાહેરાત કરવામાં આવ્યા બાદથી એકંદરે સમજુતી થઈ ચુકી છે. કોણ કેટલી બેઠકો ઉપર ચુંટણી લડશે તે અંગેની વિધિવત જાહેરાત આગામી સપ્તાહમાં કરવામાં આવી શકે છે. પરંતુ પ્રાપ્ત માહિતી મુજબ, જે સમજુતી થઈ ચુકી છે તે મુજબ બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો પૈકી ભાજપ ૧૬૫, રામવિલાસ પાસવાનની લોકજનશક્તિ પાર્ટી ૪૦-૪૨, ઉપેન્દ્ર કુશવાહની રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી ૧૮-૨૦ બેઠકો ઉપર ચુંટણી લડી શકે છે. ખાસ પક્ષ માટે બેઠકોની

● અનુસંધાન પાન-૭ પર

# હિન્દી ભાષા ભૂલી જઈશું તો દેશને નુકશાન થઈ શકે : પ્રધાનમંત્રી

### ભોપાલમાં વર્લ્ડ હિન્દી કોન્ફરન્સમાં મોદીનું સંબોધન, ગુજરાતમાં પોતાના ચાવાળા તરીકેના દિવસોને યાદ કર્યા




ભોપાલ,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હિન્દી ભાષાના મહત્વની વાત કરી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, જો અમે હિન્દી ભાષા ભુલી જઈશું તો દેશને નુકશાન થશે. હિન્દી ભાષા ખૂબ જ જુની અને પ્રાચીન છે અને તેને પ્રોત્સાહન આપવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. અંગ્રેજી અને ચીની ભાષાની સાથે-સાથે હિન્દી ભાષા પણ આગામી દિવસોમાં ડિઝીટલ વર્લ્ડમાં પ્રભુત્વ જમાવી શકે છે. મોદીએ આ ભાષાના જતન માટે લેવામાં આવી રહેલા પગલાંને વધુ ઝડપી બનાવવાની વાત કરી હતી. ભોપાલમાં વર્લ્ડ હિન્દી કોન્ફરન્સને સંબોધતા વડાપ્રધાને ગુજરાતમાં ચા વેચવા માટેના પોતાના દિવસોને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે, એ દિવસોમાં તેમને હિન્દી ભાષા ખૂબ સારી રીતે શિખવામાં મદદ મળી હતી. મોદીએ જે દેશોમાં તેઓ ગયા છે તે દેશોમાં હિન્દી ભાષાના મહત્વમાં કઈ રીતે વધારો થઈ રહ્યો છે તેની પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ જે દેશમાં પણ ગયા છે તે દેશોમાં હિન્દી ભાષાનું મહત્વ જોવા મળ્યું છે.

ભાષાને પ્રોત્સાહન આપવામાં હિન્દી ફિલ્મોની પણ મોટી ભૂમિકા

● અનુસંધાન પાન-૭ પર

# હવે રોબોટ ડાયાલીસીસ કરશે : ડૉ. ત્રિવેદી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં હવે રોબોટ દ્વારા ડાયાલીસીસ કરાશે આ દિવસો દૂર નથી તેમ કિડની ઈન્સ્ટીટ્યુટના નિયામકશ્રી એચ.એલ. ત્રિવેદીએ આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે આ રોબોટ બનાવવા માટેની પ્રક્રિયા હાલ ચાલુ છે અને ટુંકમાં જ તે બની જતાં તેનો પ્રથમ પ્રયોગ અમદાવાદ ખાતે કરાશે.

ડૉ. ત્રિવેદી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નિર્માણ કરાયેલ હિમોડાયાલીસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપવા આવ્યા હતા.

પદ્મશ્રી ત્રિવેદીએ જણાવ્યું



હતુ કે ગુજરાતમાં કિડનીના ડિસીસ ખુબ જ ઝડપથી વકરી રહ્યા છે. તાજેતરમાં ૩૦૦ વ્યક્તીઓના કરાયેલા અભ્યાસમાં ૫૦ ટકા માણસોને કિડકનીના રોગ થવાની સંભાવના જણાઈ છે.

તેમણે કહ્યુ હતુ કે બદલાતી જતી જીવન શૈલી, અનિયમિત અને જંકફૂડ, સ્ટ્રેસ સહિત ઘણા બધા કારણો આની પાછળ જવાબદાર છે.

ખુબ જ નિખાલસભાવે ગાંધીનગર સિવિલમાં ઉભા કરાયેલ ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત દરમ્યાન તેમણે કહ્યું હતું કે "આપણે પડોશીના ઘરને જોરથી સજાવ્યુ છે." ખુબ જ સુંદર સુવિધાઓ છે પણ જે રીતે સ્પેસનો ઉપયોગ કરી આધુનિકતાને તેમાં વણી લેવામાં આવી છે તેનાથી આ સેન્ટર બહુજ સારૂ બન્યું છે. તેમણે આ માટે કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ તેમજ હોસ્પિટલના તબીબ અધિક્ષક ડૉ. બિપીન નાયકને અભિનંદન આપ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે રાજ્યનું ૨૯મું ડાયાલીસીસ સેન્ટર ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. તેમણે સારી વ્યવસ્થા ઉભી કરવા માટે આરોગ્ય મંત્રીને પણ ખુબ અભિંદન આપ્યા હતા.

### રાજ્યમાં છેલ્લા સાત મહિનામાં ૫૦,૬૦૩ દર્દીઓને ડાયાલીસીસની સારવાર આપવામાં આવી છે : તંત્ર

રાજ્યમાં કાર્યરત ૨૪ ડાયાલીસીસ સેન્ટરમાં ૫૦,૬૦૩ વ્યક્તીઓને કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ સેન્ટરનો શુભારંભ

### ૨૦ બેડની ક્ષમતાવાળા સેન્ટરનો પ્રારંભ મંત્રી નિતિનભાઈ પટેલ અને પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીના વરદ હસ્તે કરાયો




ગાંધીનગર, તા.૧૦

આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૨૦ બેઠકની ક્ષમતા સાથેના ડાયાલીસીસ સેન્ટરનો શુભારંભ કરાવતા મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ કે, કીડનીને લગતા રોગને લગતી સારવાર માટે ડાયાલીસીસની સવલતો માટે દૂર-સુદૂરથી લોકોને અમદાવાદ આવવું પડતું હતું. તેને ધ્યાને લઈને રાજય સરકારે ગત વર્ષે કીડની ઈન્સ્ટીટયુટના સહયોગથી રાજયના તમામ જિલ્લાની સિવિલ હોસ્પિટલો અને મોટા સી.એચ.સી. સેન્ટરો ખાતે આ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાનો નિર્ધાર કર્યો અને આજ સુધીમાં ૩૦થી વધુ જિલ્લાઓમાં ડાયાલીસીસની સેવાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. ડાયાલીસીસ માટે ખાનગી હોસ્પિટલોમાં રૂ.૧૫૦૦ થી ૨૦૦૦ નો ખર્ચ દર્દીઓને ભોગવવો પડતો હોય છે ત્યારે રાજય સરકાર રૂ.૨૦૦/-ના ટોકન દરે આ સુવિધાઓ પૂરી પાડે છે અને મોટા ભાગના જિલ્લાઓમાં દાતાશ્રીઓ દ્વારા દાન-સખાવત મળતાં આ સેન્ટરોમાં વિનામૂલ્યે દર્દીઓને ડાયાલીસીસની સુવિધાઓ પૂરી પડાઈ રહી છે.


(તસવીર : દિપક જાની)

તેમણે ઉમેર્યું કે, કીડનીને લગતા રોગોમાં સંશોધન-અભ્યાસનો વ્યાપ વધે તે માટે રાજય સરકારે કીડની યુનિવર્સિટીની સ્થાપના પણ કરી છે.

ગાંધીનગર ખાતે રૂ. ૧.૩૬ કરોડના ખર્ચે ૨૦ બેડની ક્ષમતા સાથેનુ આ ડાયાલીસીસ સેન્ટર ગાંધીનગર અને આજુબાજુના મહેસાણા, સાબરકાંઠા જિલ્લાના દર્દીઓ માટે આશીર્વાદરૂપ પુરવાર થશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ગાંધીનગર ખાતેના આ હિમો ડાયાલીસીસ સેન્ટરમાં અદ્યતન ડાયાલીસીસ મશીનો, ડાયાલીસીસ ચેર, ઓટોમેટીક ડાયા લાઈઝર, રીપ્રોસેસર જેવા અદ્યતન તબીબી સાધનોની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. મંત્રીશ્રીએ આ વેળાએ ડાયાબીટીસની સારવાર લઈ રહેલા દર્દીઓને રૂબરૂ મળી ઝડપથી સાજા થઈ જશો એવી શુભેચ્છાઓ આપી ખબરઅંતર પુછયા હતા.

# આજથી ગાંધીનગરમાં ઉર્જા કોન્કલેવ

અમદાવાદ, તા.૧૦

પંડિત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી દ્વારા ઉર્જા કોન્કલેવ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો આવતીકાલથી પ્રારંભ કરવામાં આવશે. જે શુક્રવાર અને શનિવાર એમ બે દિવસ દરમિયાન યોજાશે. ઉર્જા કોન્કલેવ ૨૦૧૫ના કાર્યક્રમમાં જાણીતા સ્પીકર્સ વિદ્યાર્થીઓને દેશની ઓઈલ અને ગેસ ઈન્ડસ્ટ્રી વિશે માહિતી આપશે. દેશમાં અત્યારે ઓઈલ અને ગેસ ઈન્ડસ્ટ્રીનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે આ ઈન્ડસ્ટ્રી અંગે ખાસ અભ્યાસક્રમ ચલાવતી અમદાવાદની પંડિત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને ખાસ તાલીમ આપવામાં આવી છે.

ત્યારે ઓઈલ અને ગેસ ઈન્ડસ્ટ્રીના વર્તમાન પડકારો અને તકો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ખાસ ઉર્જા કોન્કલેવ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો પ્રારંભ આવતીકાલથી થશે. તેમજ શનિવાર સુધી ચાલશે. આ ઉર્જા કોન્કલેવની થીમ ઈનિશિએટિઝ એન્ડ પ્રેક્ટિસિસ ઈન ઓઈલ એન્ડ ગેસ ઈન્ડસ્ટ્રી રાખવામાં આવી છે.

